**મહે. એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલતમાં મુ.અમરેલી**

| ફોજદારી કેસ નં. | 834/2026 |
|---|---|

**આંક–**

**ફરીયાદી:–   શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપીઓ :– (૧)અફજલભાઈ ઉર્ફે ગુંદી આદમભાઈ મજીઠીયા**

**(૨)રામદેવભાઈ વિરમભાઈ ગુંગડા**

**રહે. અમરેલી તા.જી. અમરેલી.**

**ગુન્હો :–ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ–૬૬(૧)બી, ૮૧ મુજબ.**

**–:: ચુ કા દો ::–**

(૧) આરોપીઓ કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે. ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ ઉપરોકત ગુન્હાના કામે આરોપીઓની પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ તેઓની સામેનો ગુનો કબુલ હોવાનુ કબુલાત કરતા હોય જેથી આરોપીઓને સમજાવવામાં આવે છે કે, તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી. તેમ છતા કબુલાત પુરસીશ આપી જાહેર કરી પોતાને ગુનો કબુલ મંજુર હોય જેથી યોગ્ય હુકમ કરવા જણાવેલ છે. આરોપીઓ તર્ફે કરવામા આવેલી કબુલાત ખરી, કાયદેસરની ને સ્વૈચ્છીક હોવાની ખાતરી થતા તે મંજુર કરવામા આવે છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓ સામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી, ૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે સંબંધિત પોલીસ સ્ટેશન ધ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

(૩) આરોપીઓએ ગુના કબુલાત પુરસીસ આપી એમ જાહેરાત કરેલ છે કે, અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઈ કાયમી ધંધો નથી, અમો છુટક મજુરીનુ કામ કરીએ છીએ, અમો અમારુ તેમજ અમારા કુટુંબનુ ગુજરાન કરી શકીએ તેથી અમારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોઈ ઉપરાંત રોજગાર પણ ન હોય, તે તમામ હકીકતો ધ્યાને લઈ, અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અમને માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ. આરોપીઓએ ખરેખર સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં

આવેલ છે.

(૪) આરોપીઓ વિરુઘ્ધ ગુનાનો આક્ષેપ જોતા તથા આરોપીઓ ઘ્વારા કરેલ ગુના કબુલાત ઘ્યાને લેતા તેમજ આરોપીઓ આર્થિક તથા સામાજીક રીતે ગરીબ વર્ગના જણાય આવે છે તેમજ ભવિષ્યમાં બીજો કોઈ ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. આરોપીઓએ જાહેર કરેલો પસ્તાવો તથા આરોપીઓની વર્તણુક તથા સામાજીક જવાબદારી ઘ્યાને લેતા તથા કેસનુ રેકર્ડ વંચાણે લેતા અને ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ (૧)જી.એલ.આર. ૭૦૯'', ચુકાદામાં નામ. વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનુ હીત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ઘ્યાને લઈ આરોપીઓને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

આ કામના આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ- ૨૭૫ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)બી,૮૧ મુજબના ગુન્હા બદલ તકસીરવાન ઠરાવી દરેક આરોપીઓને **રૂા.૨૦૦/- (અંકે રૂપિયા બસો પુરા)** એમ કુલ **રૂા. ૪૦૦/- (અંકે રૂપીયા ચારસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ભરવામાં કસુર કરે તો દિન-૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે કબજે કરવામાં આવેલ પ્રોહી. મુદામાલનો નિયમ અનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૨૦ માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં ઠરાવ જાહેર કર્યો.

**સ્થળ: અમરેલી**
**તા. ૨૦/ ૦૬/૨૦૨૬**

**(કે.એસ.રાણા)**
**જી.જે.૦૧૬૪૨**
**અધિક જયુ. મેજીસ્ટ્રેટ,ફ.ક.**
**અમરેલી**

દંડ રૂા. ૪૦૦ /- (અંકે ચારસો પુરા) પાવતી
નંબર .............થી આજરોજ જમા લીધા.
તા. / /૨૦૨૬

નાજર
ચીફ જયુ. મેજીસ્ટ્રેટ, કોર્ટ,
અમરેલી.